રૂ.બે લાખ સ્વીકારતા ઝડપાયેલા સાજીદ સૈયદને રિમાન્ડ પૂર્ણ થયા બાદ જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલાયો

PI વી એ ચારણના મહેમદાવાદના ઘરે ઝડતી, આરોપી અધિકારી ભૂગર્ભમાં

આરોપી પીઆઈ ચારણના કેસની તપાસ કરીને રિપોર્ટ ડીજી ઓફિસે કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા જિલ્લાના પાદરા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એ. ચારણ દ્વારા લવ જેહાદના કેસમાં કાર્યવાહી નહીં કરવા બદલ બે લાખ રૂપિયાની લાંચ માંગવાનો મામલો બહાર આવતા એસીબીએ ટ્રેપ ગોઠવી તેના સાગરીતને રંગેહાથ ઝડપી લીધો છે. જોકે આ કેસનો મુખ્ય આરોપી પીઆઈ ચારણ જાણે ભૂગર્ભમાં ઉતરી ગયો હોય પકડમાં આવતો નથી.

પાદરા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એ. ચારણ દ્વારા એક કેસમાં કાર્યવાહી ટાળવા માટે અરજદાર પાસે રૂ. 2 લાખની લાંચ માંગવામાં આવી હતી. આ રકમ મેળવવા માટે તેના સાગરીત સાજીદ સૈયદ દ્વારા અરજદાર પર વારંવાર દબાણ કરવામાં આવતું હતું.

આથી કંટાળેલા અરજદારે વડોદરા ગ્રામ્ય એસીબીનો સંપર્ક કર્યો હતો. ફરિયાદના આધારે એસીબીની ટીમે અક્ષર ચોક વિસ્તારમાં ટ્રેપ ગોઠવ્યો હતો. ટ્રેપ દરમિયાન પીઆઈ ચારણ વતી લાંચના રૂપિયા સ્વીકારતા સાજીદ સૈયદને રંગેહાથ ઝડપી

પાડવામાં આવ્યો હતો.

પકડાયા બાદ એસીબીએ સાજીદ સૈયદની વધુ પૂછપરછ માટે એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન તેના નિવાસસ્થાને તપાસ કરવામાં આવી હતી. સાથે જ પીઆઈ ચારણના પાદરા રોડ પર આવેલા મકાન તેમજ તેમના વતન મહેમદાબાદ ખાતે આવેલા મકાને પણ તપાસ હાથ ધરાઈ હતી પરંતુ મુખ્ય આરોપી ત્યાં મળી આવ્યો ન હતો.

હાલ સ્થિતિ એવી છે કે જાણે લાંચકાંડનો મુખ્ય આરોપી પીઆઈ ચારણ ગાયબ થઈને ભૂગર્ભમાં ઊતરી ગયો હોય તેમ તે હજુ સુધી એસીબીના હાથમાં આવ્યો નથી.

રિમાન્ડ પૂર્ણ થતાં એસીબીના તપાસ અધિકારી પીઆઈ વસાવા દ્વારા સાજીદ સૈયદને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.જ્યાં મેજિસ્ટ્રેટે તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હતો.

બીજી તરફ, એસીબી હવે પીઆઈ વી.એ. ચારણ દ્વારા આવી રીતે અન્ય લોકો પાસેથી લાંચ લઈ કેટલી અપ્રમાણસર મિલકત એકત્રિત કરવામાં આવી છે તેની પણ તપાસ કરવા માટે મંજૂરી માંગવાની તૈયારીમાં છે. ગ્રામ્ય પોલીસ વિભાગમાં ફરજ બજાવતા ખાખીને બદનામ કરનાર ચારણ વિરુદ્ધ પોલીસ અધિક્ષક દ્વારા તપાસ કરીને રિપોર્ટ ડીજી ઓફિસમા કરવામાં આવ્યો છે ત્યારે આગામી દિવસોમાં ઉચ્ચ અધિકારી દ્વારા પીઆઈ ચારણ વિરુદ્ધ એક્શન લેવામાં આવશે.

રાષ્ટ્રીય રેન્કિંગમાં એમએસયુની લો ફેકલ્ટીનો ઝળહળતો પ્રભાવ

ભારતમાં ડિસ્ટિંગ્વિશ્ડ લો સ્કૂલ કેટેગરીમાં 4 થો ક્રમ પ્રાપ્ત કર્યો

એમીનન્સ કેટેગરીમાં 6ઠ્ઠો, ઓલ ઈન્ડિયા રેન્કિંગમાં 17મો ક્રમ મેળવીને રાજ્ય તથા દેશભરમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

એમએસયુની ફેકલ્ટી ઓફ લો એ રાષ્ટ્રીય સ્તરે ફરી એકવાર પોતાની શૈક્ષણિક શ્રેષ્ઠતા સાબિત કરી છે. તાજેતરના જીએચઆરડીસી લો સ્કૂલ સર્વે 2026 મુજબ ફેકલ્ટીએ ગુજરાતમાં પ્રથમ ક્રમ લો સ્કૂલ ઓફ એમીનન્સ કેટેગરીમાં 6મો ક્રમ, ઓલ ઈન્ડિયા રેન્કિંગમાં 17મો ક્રમ મેળવીને રાજ્ય તથા દેશભરમાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.ગુજરાત પ્રવાસન

કોમ્પિટિશન સક્સેસ રીવ્યુ લો સ્કૂલ સર્વે 2026માં પણ ફેકલ્ટી ઓફ લો એ પોતાની મજબૂત હાજરી નોંધાવી છે. જેમાં તે ગુજરાતમાં 1લો ક્રમ અને સમગ્ર ભારતમાં ડિસ્ટિંગ્વિશ્ડ લો સ્કૂલ કેટેગરીમાં 4 થો ક્રમ પ્રાપ્ત કર્યો છે . આ રેન્કિંગ્સ એ દર્શાવે છે કે, લો ફેકલ્ટી ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સંશોધન માટે સતત પ્રતિબદ્ધ રહી છે. આ સિદ્ધિઓ વચ્ચે, ફેકલ્ટી ઓફ લો એ તાજેતરમાં વધુ એક ઐતિહાસિક ઉપલબ્ધિ હાંસલ કરી હતી. ફેકલ્ટીએ ગુજરાત જ્યુડિશિયરી પરીક્ષામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને ઈતિહાસ રચ્યો હતો,જે ફેકલ્ટીના ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પ્રાયોગિક તાલીમનો જીવંત પુરાવો છે. સીએસઆર CSR સર્વે મુજબ ફેકલ્ટીએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફેકલ્ટી અને રિસર્ચ, એડમિશન અને ડિલિવરી સિસ્ટમ, તેમજ પ્લેસમેન્ટ અને ઈન્ટરનેશનલ આઉટલુક જેવા મુખ્ય માપદંડોમાં નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે. આ સર્વેમાં દેશભરના શ્રેષ્ઠ લો સંસ્થાઓ વચ્ચે એમએસયુ લો ફેકલ્ટીએ સ્થાન મેળવવું વડોદરા માટે ગૌરવની વાત છે. ફેકલ્ટી ઓફ લો એ શૈક્ષણિક સાથે સાથે પ્રાયોગિક અભ્યાસ પર વિશેષ ભાર મૂક્યો છે. મુટ કોર્ટ કોમ્પિટિશન, લીગલ એઈડ કેમ્પ, ઈન્ટર્નશિપ પ્રોગ્રામ્સ, પોલિસી ડ્રાફ્ટીંગ અને ઈન્ટરનેશનલ એકેડમી કોલબ્રેશન જેવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને વાસ્તવિક કાનૂની અનુભવો પૂરા પાડે છે. પરિણામે, અહીંના વિદ્યાર્થીઓ ન્યાયિક સેવા, કોર્પોરેટ સેક્ટર, લિટિગેશન અને જાહેર સેવા ક્ષેત્રોમાં સફળતા મેળવી રહ્યા છે. આ સિદ્ધિ અંગે ફેકલ્ટી ઓફ લૉના ડીન પ્રો.ડો. અર્ચના ગાડેકરે જણાવ્યું કે, આ રેન્કિંગ અમારા ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓના સંયુક્ત પ્રયત્નોનું પ્રતિબિંબ છે.

મહર્ષિ મહારાજા ફતેહસિંહરાવ ગાયકવાડ ટુર્ના.માં મહેસાણા વિજેતા

(પ્રતિનિધિ) વડોદરા તા.18

મહેસાણા જિલ્લો મહર્ષિ મહારાજા ફતેહસિંહરાવ ગાયકવાડ અંડર-૧૯ ઈન્ટર ડિસ્ટ્રિક્ટ વન-ડે ટુર્નામેન્ટ ૨૦૨૬-૨૭ માં વિજેતા બન્યો હતો. મહેસાણા જિલ્લો માટે શાનદાર વિજય - ચેમ્પિયન્સને હાર્દિક અભિનંદન! તેમના શિસ્ત, ટીમવર્ક અને સાતત્યપૂર્ણ પ્રદર્શને તેમને સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અલગ તરી આવ્યા. બરોડા ક્રિકેટ આવી ઉભરતી પ્રતિભાને જોવામાં ખૂબ ગર્વ અનુભવે છે.BCA ના પ્રમુખ શ્રી પ્રણવ અમીન અને એપેક્સ કાઉન્સિલના સભ્યો તેમની હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવે છે અને આ ઉત્કૃષ્ટ સિદ્ધિની પ્રશંસા કરે છે.

આણંદ ખાતે જિલ્લા કક્ષાના ફરીયાદ નિવારણ કેન્દ્ર મુલાકાત લેતા ખર્ચ ઓબ્ઝર્વર

(પ્રતિનિધિ) આણંદ,

ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયા મુજબ 111 - ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણી 2026 નું મતદાન આગામી તારીખ 23 મી એપ્રિલ 2026 ના રોજ યોજાનાર છે. આ અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરી દ્વારા 111-ઉમરેઠ વિધાનસભા મત વિસ્તાર માટે કલેક્ટર કચેરી, ત્રીજા માળે, આણંદ ખાતે જિલ્લા કક્ષાનો ફરીયાદ નિવારણ સેન્ટર, 1950 હેલ્પલાઈન, વોટર હેલ્પ ડેસ્ક, Cvigil મોનિટરિંગ સેન્ટર અને ટોલ ફ્રી નંબર 1800 425 2560 શરૂ કરાયો છે. આ ઉપરાંત બીજા માળે મીડિયા મોનિટરીંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યુ છે. આ સેન્ટર ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયામાં આવતા પેઈડ ન્યૂઝ,જાહેરાતો સહિત આચારસંહિતા ભંગ અંગેના સમાચાર બાબતે 03 ટીમો દ્વારા 24×7 રાઉન્ડ ધ ક્લોક નજર રખાઈ રહી છે.

ગામડિયાવાડ-વાણિયાવાડ વિસ્તારમાં અસામાજિક તત્વોનો શાંતિભંગનો પ્રયાસ

ભરૂચમાં મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ પાંચ વાહનો સળગાવી દેવાતા ચકચાર

(પ્રતિનિધિ) ભરૂચ તા.18

રાજ્યમાં ચાલી રહેલા ચૂંટણીના સંવેદનશીલ માહોલ વચ્ચે ભરૂચ શહેરના વેજલપુર વિસ્તારમાં મોડી રાત્રે અજાણ્યા શખ્સોએ પાર્ક કરેલા વાહનોને આગ ચાંપી દેતાં સ્થાનિકોમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાઈ ગયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાત્રિના આશરે 1:45થી 2:00 વાગ્યાના સમયગાળા દરમિયાન વેજલપુરના ગામડિયાવાડ અને વાણિયાવાડ વિસ્તારમાં રહેણાંક વિસ્તારોમાં પાર્ક કરેલા વાહનોને અસામાજિક તત્વોએ નિશાન બનાવ્યા હતા. આ ઘટનામાં 4 બાઈક અને 1 રિક્ષા આગની ઝપેટમાં આવી સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા.

વાહનોમાં આગ લાગતા જ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને સ્થાનિક લોકો ઊંઘમાંથી જાગીને તાત્કાલિક બહાર દોડી આવ્યા હતા.રહીશોએ આગ બુઝાવવાનો ભારે પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં વાહનોને વ્યાપક નુકસાન પહોંચી ગયું હતું. ચૂંટણીના સમયગાળામાં બનેલી આ ઘટના પાછળ કોઈ ગેંગનો હાથ છે કે પછી શાંતિ ભંગ કરવાનો પ્રયાસ છે તે અંગે અનેક તર્કવિતર્ક ઊભા થયા છે. સ્થાનિક નાગરિકોએ પોલીસ તંત્ર સમક્ષ સીસીટીવી ફૂટેજના આધારે તાત્કાલિક તપાસ આગળ વધારી આરોપીઓને ઝડપથી પકડી કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. પોલીસે આ ઘટનાને ગંભીરતાથી લઈને તપાસ હાથ ધરી છે અને નાગરિકોને વધુ સાવચેત રહેવા અપીલ કરી છે.

પેન્શનરો ઘરબેઠા ઓનલાઈન પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરી શકશે

જુલાઈ સુધીમાં ખરાઈ ન કરાવી તો પેન્શન ચુકવણું સ્થગિત કરાશે

(પ્રતિનિધિ) ભરૂચ તા.18

જિલ્લા તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવતા તમામ પેન્શનરો તથા કુટુંબ પેન્શનરોને વાર્ષિક હયાતીની ખરાઈ સમયસર કરાવવા માટે ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. નાણા વિભાગના ઠરાવ અને ગુજરાત રાજ્ય તિજોરી નિયમો મુજબ દર વર્ષે મે માસમાં હયાતીની ખરાઈ કરાવવી ફરજિયાત છે. જો કોઈ પેન્શનર મે માસ દરમિયાન ખરાઈ ન કરાવી શકે તો તેમને જુલાઈ માસ સુધીની સમયમર્યાદા આપવામાં આવે છે. જો જુલાઈ માસ સુધીમાં પણ હયાતીની ખરાઈ કરવામાં ન આવે તો તેવા પેન્શનરોનું ઓગષ્ટ માસથી પેન્શન ચુકવણું સ્થગિત કરી દેવામાં આવશે. પેન્શનરો તેમના બેંક ખાતે રૂબરૂ જઈને હયાતીની ખરાઈ કરાવી શકે છે. આ ઉપરાંત, વૃદ્ધ પેન્શનરોને સુવિધા મળે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા ભારતીય ટપાલ વિભાગના કર્મચારીઓ મારફતે ઘરે જઈને નિઃશુલ્ક ડિજિટલ જીવન પ્રમાણપત્ર ચકાસણી કરવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પેન્શનરો ઘરબેઠા પણ ઓનલાઈન હયાતીની ખરાઈ કરી શકે છે, જે માટે તેઓ જીવન પ્રમાણ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરીને પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે. આ સાથે પેન્શનરો સાયબર ટ્રેઝરી ગુજરાત પોર્ટલ પર જઈને પોતાના બેંક એકાઉન્ટ નંબરને લોગઈન આઈડી અને પીપીઓ નંબરને પાસવર્ડ તરીકે ઉપયોગ કરીને વાર્ષિક આવકનું પત્રક પણ મેળવી શકે છે તેવી વિગતો જિલ્લા તિજોરી અધિકારી દ્વારા એક અખબારી યાદીમાં આપવામાં આવી છે.

સ્પેરપાર્ટ્સ સાથે ઝડપાયેલી ટોળકીનો એક સાગરિત હજુ વોન્ટેડ

દહેજની GFL કંપનીના વેરહાઉસમાંથી થયેલી 3.16 કરોડની ચોરીનો ભેદ ઉકેલાયો

(પ્રતિનિધિ) ભરૂચ તા.18

દહેજ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ગુજરાત ફ્લોરો કેમિકલ લિમિટેડ (GFL) કંપનીમાં થયેલી 3.16 કરોડ રૂપિયાની મોટી ઘરફોડ ચોરીનો ભેદ દહેજ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. પોલીસે 6 આરોપીઓને ઝડપી પાડી 3.21 કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અટાલી ગામની સીમમાં આવેલ વી-લોજિસ્ટિક્સના વેરહાઉસમાં કંપનીના નવા પ્લાન્ટનું કિંમતી મટિરિયલ રાખવામાં આવ્યું હતું. 15 અને 16 એપ્રિલની રાત્રિ દરમિયાન તસ્કરોએ પાછળનો દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને મિકેનિકલ સીલ, ઈન્ડસ્ટ્રીયલ વાલ્વ તથા અન્ય સ્પેર પાર્ટ્સ મળી કુલ આશરે રૂ.3,16,83,000 રૂપિયાના સમાનની ચોરી કરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને બાતમીના આધારે રહીયાદ ચોકડી નજીક વોચ ગોઠવી એક

શંકાસ્પદ બ્રેઝા કારને રોકી તેમાં સવાર ઈસમો પાસેથી ચોરીના મિકેનિકલ સીલ જપ્ત કર્યા હતા. તેમની પૂછપરછના આધારે રહીયાદ ચોકડી નજીકની એક દુકાનમાંથી બાકીનો મુદ્દામાલ તથા અન્ય આરોપીઓને પણ ઝડપી લેવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં વિશાલદીપસીંગ સિંધ, ગુરૂસેવકસીંગ ગીલ, હરવિન્દ્રસિંધ જાટ, રાજદીપસીંગ જાટ, ભગીરથ ગુર્જર અને જયદેવ પટેલનો સમાવેશ થાય છે, જ્યારે બાલવિંદરસીંગ જાટને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ ટોળકી પાસેથી ચોરાયેલો સામાન, અગાઉ ચોરાયેલું એક ટીવીએસ બાઈક અને મોબાઈલ ફોન મળી કુલ 3,21,68,000 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. આ કામગીરી થકી દહેજ પોલીસ મથકમાં નોંધાયેલા અન્ય 3 ચોરીના ગુનાઓના ભેદ પણ ઉકેલાયા છે.

ખંભાતના ખેતરોમાંથી ડાંગર ચોરતી આંતરજિલ્લા ગેંગના 5 આરોપી ઝડપાયા

પોલીસે 70થી વધુ સીસીટીવી કેમેરા તપાસી 5 આરોપીને દબોચ્યા

(પ્રતિનિધિ) ખંભાત તા.18

ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા મિતલી, ગુડેલ અને ગોલાણા ગામની સીમમાંથી રાત્રિના સમયે ડાંગરના ગઠ્ઠાની ચોરી કરતી ટોળકીને પોલીસે ઝડપી પાડી છે. જગતના તાત સમાન ખેડૂતોએ પરસેવો પાડીને તૈયાર કરેલો પાક ચોરી જતી આ ગેંગના ૫ શખ્સોની ધરપકડ કરી પોલીસે કુલ 6 ગુનાઓનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

આણંદ જિલ્લા પોલીસ અધીક્ષક જી.જી. જસાણીની સૂચના અને ખંભાત રૂરલ પી.આઈ. પી.એચ. નાયીના માર્ગદર્શન હેઠળ પોલીસે મિલકત સંબંધી વણઉકેલાયા ગુનાઓ શોધવા તજવીજ હાથ ધરી હતી. છેલ્લા ચાર માસથી ખેતરોમાં તૈયાર રાખેલ ડાંગરના ગઠ્ઠા પીકઅપ ડાલામાં ભરી જતી ગેંગ સક્રિય થઈ હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને ગોલાણાથી ખેડા સુધીના અંદાજે 70થી વધુ સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી તપાસ કરતા શંકાસ્પદ વાહનો તારાપુર-લીંબાસી રોડ તરફ જતા જણાયા હતા.

આ તપાસના અંતે પોલીસે મહુધા તાલુકાના દાજીપુરા અને જીંજર ગામના 5 શખ્સોને પકડી પાડ્યા છે. આ શખસોમાં વિરમ ઉર્ફે વિરમો પ્રહલાદભાઈ, જીતુભાઈ રમેશભાઈ, અર્જુન ઉર્ફે પિન્ટો રમેશભાઈ, પંકજ ઉર્ફે પંકો પ્રભાતભાઈ અને રાજુભાઈ ઉર્ફે રાજલો ભનુભાઈનો સમાવેશ થાય છે.

પ્રાથમિક તપાસમાં ગુનામાં વપરાયેલા અંદાજે રૂ. ચાર લાખની કિંમતના બોલેરો પીકઅપ ડાલા જપ્ત કર્યા છે. આ ટોળકી ખેતરોમાંથી ડાંગર ચોરી આજુબાજુના ગામોમાં છૂટક વેચી દઈ પોતાના મોજશોખ પૂરા કરતા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. આ કામગીરીમાં ખંભાત રૂરલ પોલીસના પી.આઈ. પી.એચ. નાયી, પી.એસ.આઈ. ડી.કે. વાઘેલા તથા અન્ય કર્મચારીઓ જોડાયા હતા.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ IDFC FIRST Bank

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ-૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ આઈડીએફસી ફર્સ્ટ લિ. અને કેપિટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૧૩.૧૨.૨૦૨૫** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. માયાજીભાઈ દેસાઈ ૨. રાજુભાઈ રામજીભાઈ દેસાઈ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૬,૧૬,૭૪૫.૯૩/- (અંકે છ લાખ સોળ હજાર સાતસો પીસ્તાલીસ અને ત્રાણુ પૈસા પુરા) તા.૧૧.૧૨.૨૦૨૫** ના રોજના આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. તરફ થી આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૬ મી એપ્રિલ ૨૦૨૬** ના રોજ આ પ્રત્યક્ષ કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ,અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** ની રકમ ૬,૧૬,૭૪૫.૯૩ /- (અંકે છ **લાખ સોળ હજાર સાતસો પીસ્તાલીસ અને ત્રાણુ પૈસા પુરા**) અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ગામ પંચાયત મિલ્કત નં. ૨/૧૯૬, મિલકત નુ માપ ૧૧૬૬.૮૨ ચો.ફુટ નવી નગરી મુ. અમરેશ્વર તાલુકા ડભોઈ, જીલ્લા વડોદરા, ગુજરાત-૩૯૧૭૬૧ ખાતે આવેલ છે જેની ચતુર્થદિશા **પુર્વે** : બુધ્ધિસાગર નુ ઘર, **પશ્ચિમે** : રોડ, **ઉત્તરે** : મોહનભાઈ નુ ઘર, **દક્ષિણે** :ભાસ્કરભાઈ નું ઘર આવેલ છે.

તારીખ : ૧૬-૦૪-૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૪૧૪૭૦૦૮૪

સહિ/- અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ,
આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી

હિટ વેવના કારણે જોવા મળતી સામાન્ય બીમારીઓથી બચવા તકેદારી પગલાં લેવા જરૂરી

પૂરતા પ્રમાણમાં પાણી પીતા રહેવું, પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ઓ.આર. એસ. દ્રાવણ અથવા છાશ, લસ્સી, લીંબુ પાણી સહિતના પીણાનો ઉપયોગ કરવો

(પ્રતિનિધિ) આણંદ, તા.18

ચાલુ વર્ષની શરૂઆતમાં જ દિવસના તાપમાનમાં વધારો થઈ રહયો છે. ગરમીના વધારાના કારણે શરીરમાં લુ લાગવા (સન સ્ટ્રોક) ના કેસો નોંધાતા હોય છે. જેમાં સમયસરની સારવાર લેવામાં ન આવે તો તે જીવલેણ સાબિત થઈ શકે છે.

લુ લાગવા (સન સ્ટ્રોક)ના કેસોમાં સામાન્ય રીતે શરીરનું તાપમાન ખુબ વધી જાય છે. વાતાવરણનું તાપમાન ઉંચુ હોવાથી પરસેવો ખુબ વધારે થાય છે અને જેના કારણે શરીરનું તાપમાન ઘટી શકતું નથી. જે વ્યકિતના આરોગ્ય ઉપર વિપરીત અસરો કરે છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી, આણંદ ના જણાવ્યા મુજબ આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ, પેટલાદ અને આણંદ તથા ૧૪ - સામુહિક આરોગ્ય કેન્દ્રમાં હિટસ્ટ્રોકના કારણે બિમાર દર્દીઓની સારવાર કરવા વ્યવસ્થા કરવામાં આવી છે, આ ઉપરાંત આણંદ જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાથમિક સારવારની વ્યવસ્થા અને ખાસ તાલીમ આરોગ્ય વિભાગના કર્મચારીઓને આપવામાં આવી છે.

પાદરા ખાતે ગ્રામ્ય મહિલાઓ માટે 'પ્રોજેક્ટ ઉડાન'નો શુભારંભ કરાયો

બેન્કર્સ હાર્ટ ઈન્સ્ટીટ્યુટની ૨૩મી Anniversary નિમિત્તે પાદરા ખાતે ગ્રામ્ય મહિલાઓના સશક્તિકરણ તરફ એક મહત્વપૂર્ણ પગલા રૂપે Bankers Group of Hospitals દ્વારા 'પ્રોજેક્ટ ઉડાન' નો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. લકડીકુઈ સ્થિત સ્વજન બેન્કર્સ કોમ્યુનિટી ખાતે આયોજિત કાર્યક્રમમાં આ પહેલનું વિધિવત લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.ડો. પારુલ બેન્કરે જણાવ્યું કે પ્રોજેક્ટ ઉડાન એ ગ્રામ્ય વિસ્તારની બહેનો-દીકરીઓને Vocational ટ્રેનીંગ આપવાનો પ્રોગ્રામ છે. અહી હાલમાં ૨૫ સિલાઈ તથા એમ્બ્રોઈડરી મશીનો રાખવામાં આવ્યા છે, અને નિષ્ણાંત teacher ની મદદથી Classes ચાલુ કરવામાં આવ્યા છે. અહિયાં સિલાઈ માટે જરૂરી સામગ્રી પણ provide કરવામાં આવશે. દરરોજ Class માં વિધિસર ટ્રેનીંગ આપવામાં આવશે. આગળ નવા-નવા કોર્ષ પણ ચાલુ કરવામાં આવશે જેવા



કે બ્યુટીપાર્લર, કોમ્પ્યુટરના કોર્ષ વગેરે. વધુમાં ડો.પારુલ બેન્કરે જણાવ્યું કે, અમારું લક્ષ છે કેપ્રોજેક્ટ ઉડાન દ્વારા તાલીમ આપીને મહિલાઓને આત્મનિર્ભર તથા સ્વાવલંબી બનાવીએ અને તેઓને ઉડવા માટે આકાશ આપીએ. When a Woman Rises, a Community Thrives.આ એક એવો સસ્ટેનેબલ એમ્પાવરમેન્ટ ઈનિશિયેટિવ (સતત સશક્તિકરણની પહેલ) છે, જે જરૂરિયાતમંદ ગ્રામીણ મહિલાઓને સ્વનિર્ભર ઉદ્યોગસાહસિક (entrepreneurs) બનાવવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.આ કાર્યક્રમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના આશીર્વાદ સાથે શરૂ થયો હતો તથા દીપ પ્રાગટ્ય તથા સીવણ મશીનોના પૂજન સાથે પ્રોજેક્ટને પ્રારંભ આપવામાં આવ્યો હતો. તેમજ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડો. મંગલા ચૌહાણ તથા વિશેષ અતિથિ જીન્દાલ દીક્ષિત ઉપસ્થિત રહ્યા હતા તેમજ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ડો. દર્શન બેન્કર, ડો. પારુલ બેન્કર, ડો. યશ બેન્કર, અનુષ્કા બેન્કર, સોનલબેન ચોક્સી, સુરેખાબેન ચોક્સી, વિભાબેન દવે, શૈલેશભાઈ દવે, ભરતભાઈ દેસાઈ, જીગ્નેશભાઈ પટેલ અને હાર્દિકભાઈ મોદી સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.ડો. દર્શન બેન્કરે જણાવ્યું કે, બેન્કર્સ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ દ્વારા હજારો દર્દીઓની સફળતા પૂર્વક સારવાર કરવામાં આવી છે,

દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ DGVCL

CINU40102GJ2003SGC042909
ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી
મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

વીજપુરવઠો બંધ રેહવા

આથી અમારા દહેજ, જંબુસર ગ્રામ્ય, અટાલી સબડીવીઝન ના માનવંતા ગ્રાહકોને તથા જાહેર જનતાને જણાવવાનું કે નીચે જણાવેલા વીજ ફીડરો પર સબડીવીઝન કચેરી / ૬૬ કેવી સબ સ્ટેશન નું અગત્યનું સમારકામ હોવાથી તેમાંથી વીજપુરવઠો મેળવતા તમામ વીજગ્રાહકો તેની સામે દર્શાવેલ તારીખે અને સમયે વીજપુરવઠો મળી શકશે નહીં. કામ પૂરું થયેથી બીજી કોઈ પણ જાતની જાન કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવા માં આવશે, જેની જાહેર જનતા ને ખાસ નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	સબ સ્ટેશન	ફીડર	સબ-ડીવીઝન	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ/વાર	સમય
૧	૬૬ કેવી વડદલા	૧૧ કેવી મેહાલી	દહેજ	૯૨૧૩૦૧૦૦૧૯	૨૧-૦૪-૨૦૨૬/મંગળવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૨	૬૬ કેવી દહેજ	૧૧ કેવી લુવારા	દહેજ	૯૨૧૩૦૧૦૦૧૯	૨૨-૦૪-૨૦૨૬/બુધવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૩	૬૬ કેવી ભેંસલી	૧૧ કેવી મોડેસ્ટ	અટાલી	૯૨૧૩૦૧૦૦૧૮	૨૫-૦૪-૨૦૨૬/શનિવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૪	૬૬ કેવી છિદ્રા	૧૧ કેવી છિદ્રા	જંબુસર ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૯૨૧	૨૧-૦૪-૨૦૨૬/મંગળવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૫	૬૬ કેવી છિદ્રા	૧૧ કેવી કાવી	જંબુસર ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૯૨૧	૨૨-૦૪-૨૦૨૬/બુધવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૬	૬૬ કેવી સારોદ	૧૧ કેવી સારોદ	જંબુસર ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૯૨૧	૨૫-૦૪-૨૦૨૬/શનિવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૭	૬૬ કેવી કરખડી	૧૧ કેવી પીલુદરા	જંબુસર ગ્રામ્ય	૮૯૮૦૮૦૩૯૨૧	૨૪-૦૪-૨૦૨૬/શુક્રવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦

એમ.સી.બી / ઇ.એલ.સી.બી/આર.સી.સી.બી લગાવી વીજળીના ઝાટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો

ડિસ્ટ્રીકટ વડોદરા સબડિસ્ટ્રીકટ તા.કરજણનાં મોજે ગામ ખેરડાનાં (૧) બ્લોક/સર્વે નં.: ૮/૨ (૨) બ્લોક/સર્વે નં.: ૯/૨ (૩) બ્લોક/સર્વે નં.: ૧૦/૨ (૪) બ્લોક/સર્વે નં.: ૧૧/૨ તથા (૫) બ્લોક/સર્વે નં.: ૧૨/૨ વાળી જુની શરતની ખેતીની જમીનો બાબતે

જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

ડીસ્ટ્રીકટ વડોદરા સબ-ડીસ્ટ્રીકટ તા.કરજણના ૧. મોજે ખેરડાના રેવન્યુ બ્લોક નં./સર્વે નં. ૮/૨ વાળી જુની શરતની ખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૦-૨૧-૭૫ હે.આરે.ચો.મી. જમીન, જેના આકાર રૂા.૨.૩૫ પૈસા છે, તે તથા ૨. મોજે ખેરડાના રેવન્યુ બ્લોક નં./સર્વે નં. ૯/૨ વાળી જુની શરતની ખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૦-૭૩-૮૫ હે.આરે.ચો.મી. જમીન, જેના આકાર રૂા.૩.૯૭ પૈસા છે, તે તથા ૩. મોજે ખેરડાના રેવન્યુ બ્લોક નં./સર્વે નં. ૧૦/૨ વાળી જુની શરતની ખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૦-૬૭-૭૮ હે.આરે.ચો.મી. જમીન, જેના આકાર રૂા.૭.૩૫ પૈસા છે, તે તથા ૪. મોજે ખેરડાના રેવન્યુ બ્લોક નં./સર્વે નં. ૧૧/૨ વાળી જુની શરતની ખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૦-૫૭-૧૬ હે.આરે.ચો.મી. જમીન, જેના આકાર રૂા.૫.૭૨ પૈસા છે, તે તથા ૫. મોજે ખેરડાના રેવન્યુ બ્લોક નં./સર્વે નં. ૧૨/૨ વાળી જુની શરતની ખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ ૦-૬૯-૮૧ હે.આરે.ચો.મી. જમીન, જેના આકાર રૂા.૩.૨૫ પૈસા છે, તે પાંચેય જમીનોનું કુલ ક્ષેત્રફળ ૨-૯૦-૩૫ હે.આરે.ચો.મી. છે. આ તમામ જમીનો **તાજુભાઇ ઉર્ફે તાજુદ્દીનભાઇ અનોપભાઇ પરમાર તથા કાદરભાઇ અનોપભાઇ પરમાર**નાંઓની પોતાની માલિકી, કબજા, વપરાશનું હોવાનું જણાવી મારા અસીલ સાથે સોદો કરી, મારા અસીલના લાભમાં તા.૩૧-૦૮-૨૦૨૦ ના રોજનું સાટાખત લખી આપેલું. સાટાખતની શરત મુજબ જમીનોના તમામ ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ કરી આપવાની બાહેંધરી આપેલી તથા જમીનો ઉપર કોઇનાં ટાંચ, તરણ, જપ્તી, લીયન વિગેરે નથી તેવો સંપુર્ણ ખાત્રી અને ભરોસો જમીન માલિકોએ આપેલો. સાટાખત મુજબ જમીન માલિકોએ મારા અસીલ પાસેથી વખતો વખત અવેજની રકમ સ્વીકારી છે. જમીન માલિકો સાટાખતની શરત મુજબ વર્તતા ન હોવાથી મારા અસીલ તર્ફે કાનુની કાર્યવાહી કરતા પહેલા જમીન માલિકોને છેલ્લી તક આપવા ખાતર તા.૧૬-૧૦-૨૦૨૫ ના રોજની નોટીસ આપી છે. જેની તેઓને જાણ છે. આમ, ઉપરોકત જણાવેલી જમીનોમાં મારા અસીલનું સાટાખતને આધારે હક, હિત ચાલી આવેલ છે અને તે આજની તારીખે ઉભું છું. જમીન માલિકોને નોટીસ આપવા છતાં, જમીન માલિકો તર્ફે તેનો અમલ કરવાને બદલે તેઓ ઉપરોકત જણાવેલ જમીનો બાબતે ત્રાહિતો સાથે વહેવાર કરી રહયાનું હાલમાં મારા અસીલની જાણમાં આવેલ છે. આથી આ જાહેર નોટીસ આપી, જાહેર જનતાને જણાવવાનું કે, ઉપરોકત જણાવેલી જમીનો બાબતે **તાજુભાઇ ઉર્ફે તાજુદ્દીનભાઇ અનોપભાઇ પરમાર તથા કાદરભાઇ અનોપભાઇ પરમાર**નાંઓ સાથે કોઇપણ વ્યકિતએ કોઇપણ વહીવટ, વ્યવહાર, કબાલા કે નાણાંકીય લેવડ-દેવડ કરવા-કરાવવા નહી. તેમ છતાં પણ ઉપરવટ જઇને જો કાંઇ ચુક અગર કસૂર કરેલ હશે કે કરશે તો તે મારા અસીલને બંધનકર્તા રહેશે નહી તેમજ તેવું કરનારને કોઇ માલિકી હકક-હિત-કબજો કે ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઇટલ પ્રાપ્ત થશે નહી અને દિવાની તથા ફોજદારી કોર્ટ પ્રકરણોમાં સંડોવાનું થશે તેમજ નાણાં ગુમાવવાનો તથા સમય બગાડવાનો વખત આવશે, તેની આથી જાહેર જનતાએ તથા લાગતા વળગતા સર્વે કોઇએ ગંભીર નોંધ લેવી.

લિ. હેમંત દેવેન્દ્રભાઈ પટેલ રહેવાસી : પટેલ ફળિયુ, પાલ, ગામ, સુરત.

ઓફીસ : ૨૦૪, સેકન્ડ ફલોર,
ઓકયુલસ, મધુવન સર્કલની નજીક,
એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત.-.૩૯૫૦૦૯
મો.નં. ૯૭૨૭૭-૦૬૫૪૩

મારી મારફત
દિપન આર. માસ્તર
(એડવોકેટ એન્ડ નોટરી)